**'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020' અને મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તા યુકત શિક્ષણના હેતુ માટે ગુજરાત રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં "જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" બાબત**

**ગુજરાત સરકાર,**

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2023/2870/G

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા:**

1. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ : ૨૦૨૦
2. શિક્ષણ વિભાગનો તા.૧૦/૦૭/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.)
3. શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૭/૨૦૨૫ નો સુધારા ઠરાવ ક્રમાંક : ED/MIS/e-file/3/2023/2870/G
4. શિક્ષણ વિભાગનો તા.૧૨/૦૫/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક : SSA/112021/S.F.22/Ch
5. શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૦૧૪-૧૪૦-ગ
6. શિક્ષણ વિભાગનો તા.૧૭/૦૩/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૦૧૪-૧૪૦-ગ
7. શિક્ષણ વિભાગનો તા.૨૦/૧૨/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૦૧૪-૧૪૦-ગ
8. શિક્ષણ વિભાગનો તા.૨૨/૦૬/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૦૧૪-૧૪૦-ગ
9. શિક્ષણ વિભાગનો તા.૨૨/૧૧/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૦૧૪-૧૪૦-ગ
10. નિયામકશ્રી, શાળાઓની કચેરીની તા.૧૧/૦૯/૨૦૨૫ અને તા.૦૫/૦૬/૨૦૨૬ની દરખાસ્ત ક્રમાં઼ક:COS/RCT/e-file/276/2025/1990/SECONDARY

**પ્રસ્તાવના :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦માં વિદ્યાર્થીઓને ૨૧ મી સદીના કૌશલ્યો જેવાં કે કમ્યુનિકેશન, ક્રિટિકલ અને ક્રિએટિવ થિંકિંગ, પ્રોબ્લેમ સોલવિંગ વગેરે શીખવવાની ભલામણ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કૌશલ્યો (Vocational Skills) શીખવવાની ભલામણ કરવામાં આવેલી છે. આ માટે વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકો પણ આવા કૌશલ્યોથી સજ્જ હોય તે આવશ્યક છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ભવિષ્યમાં એવા શિક્ષકોની જરૂર પડશે કે જેઓ સાક્ષરી વિષયો ઉપરાંત આંતર શાખાકીય અને બહુ શાખાકીય કૌશલ્યો (Inter-Disciplinary and Multi-Disciplinary Skill Set) ધરાવતા હોય. એટલે કે

Signature Not Verified
Signed by : GOHIL SAMIR IBRAHIMBHAI
Under Secretary
Education Department
Date : 2026.07.06 17:42:34 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

વિજ્ઞાનના સ્નાતક પાસે સાહિત્યનું જ્ઞાન હોય, વાણિજ્યના સ્નાતક પાસે વિજ્ઞાનનું જ્ઞાન હોય, વિનયનના સ્નાતક પાસે વાણિજ્યનું જ્ઞાન હોય તેવા શિક્ષકોની જરૂરીયાત ઉપસ્થિત થશે.

આવા શિક્ષકો પોતાના સાક્ષરી વિષયની તજજ્ઞતાની સાથે સાથે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં જરૂરી એવા કોમ્પ્યુટર, વ્યાવસાયિક શિક્ષણ, ચિત્ર, સંગીત, કલા, ખેલકૂદ વગેરે જેવા કૌશલ્યો પણ શીખવવા સક્ષમ હોવા જોઈએ. સતત બદલાતા જતાં શૈક્ષણિક વિશ્વમાં આગામી સમયમાં શિક્ષકોએ પણ સતત નવું જાણવાની અને શીખવાની આવશ્યકતા છે, સાથે સાથે બદલાતા શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં આવનારા સમયમાં શાળાઓમાં શીખવવાના થતાં વિષયો અને વિષયવસ્તુમાં થનારા ફેરફારોને પહોંચી વળવા વિદ્યાર્થીઓ તથા શિક્ષણના હિતમાં શિક્ષકોની નિમણૂકની એવી વ્યવસ્થા કરવી જરૂરી છે કે જે ડાયનેમિક હોય જેમાં વિદ્યાર્થીઓના હિતમાં જરૂરિયાત મુજબ જે તે સમયે ત્વરિત ફેરફાર કરી શકાય અને જરૂરિયાત સંતોષી શકાય.

આવી જરૂરિયાતોને સમજીને અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP)ની બાબતોને ધ્યાને લઈને ગુજરાત સરકાર દ્વારા રાજ્યની સરકારી શાળાઓ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક ગુણવતામાં વધારો કરવા માટે 'મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ' પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે. ગુજરાત રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પતિઓ પ્રાપ્ત કરે તે આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત પસંદ થયેલ શાળાઓમાં 'ધોરણ દીઠ વર્ગખંડ અને ધોરણ દીઠ શિક્ષકની ઉપલબ્ધતા' સુનિશ્ચિત કરવાનું લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ આગામી ૫ વર્ષ સુધી અમલમાં રહેશે એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ સુધીમાં પ્રોજેક્ટમાં નિયત કરેલ લક્ષ્યાંકો હાંસલ કરવાના થાય છે. મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અત્યારે શાળાકીય શિક્ષણમાં આમૂલ પરિવર્તનનાં તબક્કે છે. મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સમાં સમાવિષ્ટ શાળાઓમાં વૈશ્વિક કક્ષાનું ભૌતિક અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થઈ રહ્યું છે અને ધોરણ દીઠ વર્ગખંડ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યા છે. આ સુવિધાઓનો યોગ્ય અને અસરકારક ઉપયોગ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વધારવામાં થાય તે માટે સમયસર ધોરણ દીઠ શિક્ષકની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી પણ અનિવાર્ય છે. આ અંગે યોગ્ય ચર્ચા વિચારણા કરવા શિક્ષણ વિભાગના તારીખ. ૨૨/૧૧/૨૦૨૨ના 'ઠરાવ'થી અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ પદે સમિતિની રચના કરવામાં આવેલ હતી. આ 'સમિતિ' દ્વારા આવી શાળાઓમાં ધોરણ દીઠ શિક્ષક ઉપલબ્ધ થઇ શકે તે અંગેની વચગાળાના વ્યવસ્થાના ભાગરૂપે એક નવી યોજના બનાવવા ભલામણ કરી અને તે વ્યવસ્થાના ભાગરૂપે શિક્ષકોની લાયકાત, પસંદગીની પ્રક્રિયા. ઉંમર, માનદ વેતન, વગેરે બાબતોની વિશદ્ વિચારણા કરી ભલામણો કરવામાં આવેલ છે.

ઉક્ત દર્શાવેલ 'સમિતિ' દ્વારા કરવામાં આવેલ ભલામણોને ધ્યાને લઈ પ્રસ્તાવનામાં જણાવેલ હેતુઓને સિદ્ધ કરવા અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP)ની ભલામણો મુજબ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આંતર શાખાકીય અને બહુ શાખાકીય કૌશલ્યોવાળા શિક્ષકો મળી રહે, વિદ્યાર્થીઓ ઉચ્ચ કક્ષાની વિચાર ક્ષમતા (Higher Order Thinking Skills) પ્રાપ્ત કરી શકે, તેમજ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ (Grade Appropriate Learning Outcomes) પ્રાપ્ત કરી શકે તે માટે 'જ્ઞાન સહાયક યોજના'નું અમલીકરણ કરવાનું આથી ઠરાવવામાં આવ્યુ હતું. આ યોજના અન્વયે 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' યોજનાની અમલવારી દરમિયાન તમામ સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્ય યોગ્ય રીતે થાય અને તેમાં ખાસ કરીને 'મિશન સ્કૂલ્સ ઓફ એકસલન્સ'માં પસંદ થયેલ શાળાઓમાં ધોરણ દીઠ શિક્ષક ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી અન્ય શિક્ષકોથી ભરાયેલ ના હોય તેવી જગ્યાઓ પર 'જ્ઞાન સહાયક' મૂકવા માટે 'જ્ઞાન સહાયક યોજના' અમલમાં મૂકતા સરકારશ્રીએ ઉપરોક્ત સંદર્ભ દર્શિત ઠરાવ ૨ અને ૩ કરેલ હતા.

<u>ઠરાવ:</u>

જ્ઞાન સહાયક યોજનામાં ફેરફાર કરવાની જરૂરિયાત ઉભી થતા ઉપરોક્ત સંદર્ભ દર્શિત ઠરાવો રદ કરી નીચે મુજબનો સંકલીત ઠરાવ આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**૧. યોજનાનું નામ :**

આ યોજનાનું નામ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020' અને ‘મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ'ના લક્ષ્યો મુજબ ગુણવત્તા યુક્ત શિક્ષણના હેતુ માટે ગુજરાત રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં "જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" રહેશે.

**૨. યોજનાના અમલીકરણ અધિકારી :**

આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર રહેશે.

**3. જ્ઞાન સહાયકોની સેવાકીય વિગતો નીચે મુજબ રહેશે.**

| ક્રમ | વિગત | ધારા ધોરણ |
|---|---|---|
| ૧ | શૈક્ષણિક લાયકાત | શિક્ષણ વિભાગના વખતો વખતના ઠરાવો/જોગવાઈઓથી નિયત થયેલ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારોને નીચે મુજબની અગ્રતા આપવી.<br>1. કોઈપણ દ્વિસ્તરીય TAT (માધ્યમિક) અને TAT (ઉચ્ચતર માધ્યમિક)માં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારો.<br>2. જો દ્વિસ્તરિય ટાટ પાસ ઉમેદવાર ન મળે તો તેવા સંજોગોમાં કોઇ પણ વર્ષમાં ટાટ પાસ કરેલ ઉમેદવારો.<br>3. દ્વિસ્તરીય ટાટ પાસ તેમજ અન્ય કોઈ પણ વર્ષની ટાટ પાસ ઉમેદવાર ન મળે તો તેવા સંજોગોમાં માધ્યમિક વિભાગ માટે શૈક્ષણિક સ્નાતક તેમજ વ્યવસાયિક સ્નાતક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે શૈક્ષણિક અનુસ્નાતક તેમજ વ્યવસાયિક સ્નાતકની લાયકાત ધરાવતાં ઉમેદવાર. |
| ૨ | ઉમેદવારની મહત્તમ વય મર્યાદા (અરજીની તારીખે) | માધ્યમિક વિભાગ માટે ૪૮ વર્ષ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે ૫૦ વર્ષ |

| | | |
|---|---|---|
| ૩ | મેરિટ લિસ્ટ તૈયાર કરવાની પધ્ધતિ | • મેરીટ ગુણની ગણતરી માટે શરત નં.૩(૧) મુજબની જોગવાઇમાં દર્શાવેલ ક્રમ નં.1 અને 2 ની શૈક્ષણિક લાયકાતના કિસ્સામાં TAT (માધ્યમિક) અને TAT (ઉચ્ચતર માધ્યમિક) પરીક્ષામાં મેળવેલ ગુણ ધ્યાને લેવાના રહેશે.<br>• તથા શરત નં.૩(૧) મુજબની જોગવાઇમાં દર્શાવેલ ક્રમ નં.3 ની શૈક્ષણીક લાયકાતના કિસ્સામાં શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાતના અંતિમ વર્ષના ગુણની ટકાવારીની સરેરાશ ધ્યાને લેવાની રહેશે. |
| ૪ | ઉચ્ચક માનદ્ વેતન (માસિક) | i. માધ્યમિક વિભાગ માટે ફિક્સ રૂપિયા ૨૪,૦૦૦/- (રૂપિયા ચોવીસ હજાર)<br>ii. ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે ફિક્સ રૂપિયા ૨૬,૦૦૦/- (રૂપિયા છવ્વીસ હજાર) (શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી) |
| ૫ | કરારનો સમયગાળો | જ્ઞાન સહાયકોની કામગીરીનો કરાર મહત્તમ ૧૧ (અગિયાર) માસનો રહેશે (વેકેશન સિવાય). દર વર્ષે શૈક્ષણિક વર્ષના છેલ્લા દિવસે આ કરાર આપોઆપ રદ થયેલ ગણાશે. શૈક્ષણિક વર્ષ દરમિયાન ગમે ત્યારે જ્ઞાન સહાયક સેવામાં જોડાયેલ હશે તો પણ તેઓનો કરાર જે તે શૈક્ષણિક વર્ષના છેલ્લા દિવસે આપોઆપ રદ થયેલ ગણાશે. |
| ૬ | કરાર કરવાની સત્તા | • આ કરાર સરકારી શાળાઓ માટે 'શાળા વ્યવસ્થાપન સમિતિ' (SMC) તથા બિનસરકારી અનુદાનિત શાળાઓ માટે શાળા સંચાલક મંડળ દ્વારા કરવાનો રહેશે.<br>• કરારના અંતે કામગીરીની સમીક્ષા કરવામાં આવે અને સમીક્ષાના આધારે યોગ્ય અને જરૂર જણાયે નવેસરથી કરાર કરી શકાશે. |
| ૭ | કામકાજનો સમય | કરાર આધારિત જ્ઞાન સહાયકોએ શાળામાં કામકાજનાં દિવસો દરમિયાન શાળા સમય તેમજ જરૂર જણાયે શાળાના શૈક્ષણિક સમય ઉપરાંત વધારાના સમય શાળામાં રોકાઈને ઉપચારાત્મક શિક્ષણ, મૂલ્યાંકન, તાલીમ, હોમ લર્નિંગ સહિતની તમામ પ્રકારની શૈક્ષણિક અને સહ શૈક્ષણિક વગેરે પ્રવૃતિઓ કરવાની રહેશે. |

**૪. માર્ગદર્શક સૂચનાઓ અને શરતો:-**

**A. જ્ઞાન સહાયકની નિમણૂક માટેની જગ્યાઓ:**

• સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં મંજૂર મહેકમ સામે ખાલી જગ્યા હોય અથવા

બે માસ કરતા વધુ સમય માટે કોઈ શિક્ષક અગાઉથી મંજૂર કરાવીને રજા પર હોય તેવા કિસ્સામાં શાળાએ દર વર્ષે મોડામાં મોડા ૧૫ એપ્રિલ સુધીમાં શાળાના આચાર્યએ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીને ખાલી જગ્યાઓની માહિતી મોકલી આપવાની રહેશે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ મોડામાં મોડા ૩૦ એપ્રિલ સુધીમાં નિયામકશ્રી, શાળાઓની કચેરીને માહિતી મોકલી આપવાની રહેશે અને નિયામકશ્રી, શાળાઓની કચેરીએ ઉક્ત વિગતોને આધારે વિષયવાર ખાલી જગ્યાઓની આખરી યાદી તૈયાર કરી સમગ્ર શિક્ષાની કચેરીને મોકલી આપવાની રહેશે.

- આ જ રીતે નિયામકશ્રી, વિકસતી જાતિ વિકાસની કચેરી, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ વિકાસની કચેરી તેમજ નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી પાસેથી સમગ્ર શિક્ષાની કચેરીએ ૩૦ એપ્રિલ સુધીમાં તેઓના હસ્તકની શાળાઓમાં મંજૂર મહેકમ સામે વિષયવાર ખાલી જગ્યાઓની યાદી મંગાવીને સમગ્ર યાદી જાહેરાત સમયે ઓનલાઇન પ્રસિદ્ધ કરવાની રહેશે. આ સમગ્ર પ્રક્રિયામાં અન્ય વિભાગની શાળાઓને વહીવટી સરળતા માટે જ સ્વેચ્છાએ ઉમેદવારો જો ઇચ્છે અને જે તે વિભાગ તે વિભાગની શરતો મુજબ સ્વીકારે તો માત્ર ઉમેદવારની ફાળવણી કરવાની રહેશે. તે માટેના પગાર અને સેવા વિષયક જવાબદારી જે તે વિભાગની રહેશે. વહીવટી અનુકૂળતા માટે માત્ર ફાળવણી કરવા પુરતી કામગીરી જે તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે.

**B. જ્ઞાન સહાયકની શાળામાં ફાળવણીની પ્રક્રિયા:**

i. સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરે દર વર્ષે ૧૫ થી ૨૦ મે ના સમયગાળા દરમિયાન જ્ઞાન સહાયક માટેની જાહેરાત પ્રસિદ્ધ કરવાની રહેશે. જેમાં ઉપરોક્ત ત્રણેય લાયકાત ધરાવતા ઉમેદવારો માટે એક જ જાહેરાત પર અરજી કરી શકશે. આ જાહેરાત સાથે રેફરન્સ માટે શાળાઓની ખાલી જગ્યાની 'યાદી' પ્રસિદ્ધ કરવાની રહેશે. આ સમય મર્યાદા કોઇપણ સંજોગોમાં ચુકાઇ ન જાય તેની જવાબદારી સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની રહેશે.

ii.આ જાહેરાતમાં દરેક ઉમેદવારે પોતાની લાયકાત મુજબ લાયકાતની કેટેગરી સિલેક્ટ કરવાની રહેશે. વધુમાં પોતે જે જિલ્લામાં નોકરી કરવા ઇચ્છતા હોય તે જિલ્લાની પસંદગી કરવાની રહેશે. આ રીતે દરેક જિલ્લા વાઇઝ લાયકાતની કેટેગરી મુજબ ત્રણ લિસ્ટ તૈયાર કરવાના રહેશે અને જે તે જિલ્લાઓમાં ઓનલાઇન માધ્યમથી મોકલી આપવાના રહેશે.

iii.નિયામકશ્રી શાળાઓની કચેરીએથી સુચવ્યા મુજબની તારીખોમાં નીચે મુજબ પહેલેથી પ્રસિદ્ધ કરેલ જગ્યાઓ અને જાહેરાતના દિવસોમાં ધ્યાને આવેલી જગ્યાઓ સહિત પસંદગીના દિવસે મોટા ડિસ્પ્લે અથવા કાર્ડબોર્ડ પર શાળાઓ દર્શાવી જિલ્લા કક્ષાનો પસંદગી માટેનો કેમ્પ તેમજ આનુષાંગિક કાર્યવાહી કરવાનો રહેશે. **આ સમગ્ર પ્રક્રિયામાં જે જ્ઞાન સહાયક અગાઉના વર્ષે જે શાળામાં હતા તે શાળા પસંદ કરે તો પહેલા તેઓને અગ્રિમતા આપવાની રહેશે.**

| ક્રમ | દિવસ | પ્રક્રિયા |
|---|---|---|
| ૧ | પ્રથમ | પ્રથમ યાદીમાં સમાવિષ્ટ દ્વિસ્તરીય TAT (માધ્યમિક) અને TAT (ઉચ્ચતર માધ્યમિક)માં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારો દ્વારા પસંદગી કરવાની રહેશે. તે જ દિવસે પસંદગી માટે બાકી રહેલ જગ્યાઓની યાદી જિલ્લાઓએ સમગ્ર શિક્ષા કચેરીને મોકલવાની રહેશે તેમજ સમગ્ર શિક્ષાની કચેરીએ ઓનલાઇન દર્શાવવાની રહેશે. |

| | | |
|---|---|---|
| ૨ | પ્રથમ દિવસે રાત્રે ૨૨:૦૦ થી બીજા દિવસે સાંજે ૧૭:૦૦ કલાક સુધી | પ્રથમ યાદીમાં જિલ્લામાં બાકી રહી ગયેલ ઉમેદવારો જો ઇચ્છે તો અરજી એડીટ કરી બીજો જિલ્લો પસંદ કરી શકશે તેમજ બીજા દિવસે પસંદ કરેલ જિલ્લામાં બિનચૂક હાજર રહેવાનું રહેશે. સાંજે સુધારેલ પ્રથમ યાદી સમગ્ર શિક્ષા કચેરીએ દરેક જિલ્લાને મોકલી આપવાની રહેશે. |
| ૩ | ત્રીજો દિવસ | જિલ્લામાં બાકી રહેલ જગ્યાઓ પર સૌપ્રથમ મેરીટ મુજબ સુધારેલી પ્રથમ યાદીના ઉમેદવારોને સ્થળ પસંદ કરવાની તક આપવાની રહેશે. ત્યારબાદ પહેલેથી બનેલ બીજી યાદીના ઉમેદવારોએ શાળા પસંદ કરવાની રહેશે. |
| ૪ | ત્રીજા દિવસે રાત્રે ૨૨:૦૦ થી ચોથા દિવસે સાંજે ૧૭:૦૦ કલાક સુધી | શાળા પસંદગીમાં બાકી રહી ગયેલ પ્રથમ અને દ્વિતિય યાદીના ઉમેદવારો પુન: જિલ્લો બદલી શકશે તેમજ ચોથા દિવસે પસંદ કરેલ જિલ્લામાં બિનચૂક હાજર રહેવાનું રહેશે. સાંજે સુધારેલ પ્રથમ તેમજ દ્વિતિય ઉમેદવારોની યાદી સમગ્ર શિક્ષા કચેરીએ દરેક જિલ્લાને ઓનલાઇન મોકલી આપવાની રહેશે. |
| ૫ | પાંચમો દિવસ | જિલ્લામાં બાકી રહેલ જગ્યાઓ પર સૌપ્રથમ મેરીટ મુજબ સુધારેલી પ્રથમ યાદીના ઉમેદવારોને સ્થળ પસંદ કરવાની તક આપવાની રહેશે. ત્યારબાદ સુધારેલી બીજી યાદીના ઉમેદવારોને શાળા પસંદગીની તક આપવાની રહેશે. છેલ્લે પહેલેથી બનેલી ત્રીજી યાદીના ઉમેદવારોએ શાળા પસંદ કરવાની રહેશે. |
| ૬ | છઠ્ઠા દિવસે સવારે ૧૦:૦૦ કલાકથી સાતમા દિવસે સવારે ૧૦:૦૦ કલાક સુધી | સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શાળા પસંદગીમાં બાકી રહેતા ઉમેદવારો અંતિમ ક્યા જિલ્લામાં વેઈટીંગ લીસ્ટમાં રહેવા માગે છે તે જિલ્લો પસંદ કરવાનો રહેશે. સમગ્ર શિક્ષાની કચેરીએ આ વેઈટીંગ લિસ્ટ ઓનલાઇન માધ્યમથી તમામ જિલ્લાઓને મોકલી આપવાનું રહેશે. તેમજ વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવાનું રહેશે. |

iv. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ઉપરોક્ત લીસ્ટ 'શાળા વ્યવસ્થાપન સમિતિ' (SMC)/ શાળા સંચાલક મંડળને મોકલી આપશે. જે યાદી મળ્યેથી સંબંધિત શાળા વ્યવસ્થાપન સમિતિ/શાળા સંચાલક મંડળે ફાળવેલ ઉમેદવાર સાથે કરાર કરી તેમને જે તે શાળામાં 'જ્ઞાન સહાયક' તરીકે રાખવાના રહેશે.

v. સમગ્ર શિક્ષા કચેરી દ્વારા શાળાવાર જ્ઞાન સહાયકની ફાળવણી થયા બાદ જો કોઈ જ્ઞાન સહાયક શાળામાં હાજર ન થાય કે વચ્ચેથી જ શાળા છોડી દે તો જિલ્લા શિક્ષણાધિકારી તેઓ પાસે ઉપલબ્ધ પ્રથમ, દ્વિતિય અને તૃતીય લાયકાતની પ્રતિક્ષા યાદીમાંથી Merit ના આધારે યાદી પ્રમાણે આવી ખાલી પડેલ જગ્યાઓ પર જ્ઞાન સહાયકની નિમણૂંક કરી શકશે.

**C. જ્ઞાન સહાયકોની કામગીરીની સમીક્ષા અને નવા કરાર કરવાની પ્રક્રિયા:**

i. જ્ઞાન સહાયકોના સામાન્ય રીતે જે તે શૈક્ષણિક સત્રના અંત સુધીનો કરાર કરવાનો રહેશે. આ કરાર 'શાળા વ્યવસ્થાપન સમિતિ' (SMC)/શાળા સંચાલક મંડળ દ્વારા કરવાનો રહેશે.

ii. કરારનાં અંતે કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. સમીક્ષા કરવા માટેની સમિતિમાં 'શાળા વ્યવસ્થાપન સમિતિ' (SMC)/શાળા સંચાલક મંડળના સદસ્યો રહેશે.

iii. સમીક્ષાના અંતે જ્ઞાન સહાયકની કામગીરી સંતોષકારક જણાશે તો 'શાળા વ્યવસ્થાપન સમિતિ' (SMC) /શાળા સંચાલક મંડળ દ્વારા સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર આપવામાં આવશે. તેઓએ નવેસરથી અરજી કરવાની રહેશે.

iv. જે જ્ઞાન સહાયક સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર મેળવી શકશે નહીં તેઓ ત્યાર પછીના એક વર્ષ સુધી જ્ઞાન સહાયક માટે અરજી કરી શકશે નહીં.

**D. જ્ઞાન સહાયકને અન્ય શાળામાં ફાળવવા માટેની પ્રક્રિયા :**

i. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા કક્ષાએ નિયમિત શિક્ષકોની ભરતી થતાં અથવા પ્રસૂતિની રજા કે લાંબી રજા પર ગયેલ શિક્ષક પાછા ફરે અથવા સરકારી શાળામાં બદલીથી અને બિન સરકારી અનુદાનિત શાળામાં ફાજલ શિક્ષક હાજર થયેથી અથવા જે તે શૈક્ષણિક વર્ષના અંત સુધી બેમાંથી જે વહેલું હોય તેટલાં સમય માટે કરવાનો રહેશે.

ii. સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કામગીરી માટે રાખવામાં આવનાર જ્ઞાન સહાયકની જગ્યા પર નિયમિત રીતે નવી નિમણૂકથી કે બદલીથી કે ફાજલ નિમણૂકથી કોઈ શિક્ષક આવે તો આ જ્ઞાન સહાયકને છૂટા કરવાના રહેશે અને તેમનો સમાવેશ જિલ્લાની પ્રતિક્ષા યાદીમાં કરવાનો રહેશે.

iii. આવા છૂટા થયેલ જ્ઞાન સહાયકને શક્ય હશે તો જે તે જિલ્લામાં અન્ય શાળામાં જે તે વિષયની જગ્યા હોય તો Merit cum Preference ના આધારે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી જે તે શાળાને ફાળવણી કરશે. અન્ય શાળામાં ફાળવણી વખતે આવા છુટા કરાયેલ જ્ઞાન સહાયકોને અગ્રતા આપવાની રહેશે.

iv. જો મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સમાં સમાવિષ્ટ શાળામાં જે તે વિષયની જગ્યા ના હોય તો આવા છૂટા કરેલ જ્ઞાન સહાયકને Merit cum Preference ના આધારે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી અન્ય મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સમાં સમાવેશ ના થયેલ શાળામાં પણ જે તે વિષયની ખાલી જગ્યા ને ધ્યાને રાખી જે તે શાળામાં ફાળવણી કરશે.

V. આમ મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સમાં આવરી લેવાયેલ શાળાઓ સિવાયની શાળામાં પણ સ્થાનિક જરૂરિયાતને ધ્યાને રાખી જ્ઞાન સહાયક ઉપલબ્ધ કરી શકાશે.

**E. જ્ઞાન સહાયકોના ઉચ્ચક માનદ વેતનની ચુકવણી:**

i. સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે ફાળવેલ જ્ઞાન સહાયકને નિયત માનદ વેતન ઉચ્ચક દરે ચૂકવવામાં આવશે.

ii. આ માટે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર મારફતે ઉચ્ચક માનદ વેતનની Direct Bank Transfer (DBT) થી ચૂકવણી કરવાની રહેશે.

iii. જે કોઈ જ્ઞાન સહાયકને સંબંધિત શાળાના મંજૂર મહેકમ કરતાં વધારે સંખ્યામાં ચાલુ રાખવામાં આવશે તો તેની જવાબદારી જે તે સંબંધિત શાળાના કિસ્સામાં જે તે સંબંધિત શાળાના આચાર્યની રહેશે.

iv. આ યોજના અંગેની ગ્રાન્ટ નિયામક, શાળાઓની કચેરી, ગાંધીનગરે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરને ફાળવવાની રહેશે. અને સમગ્ર શિક્ષા કચેરીએ સદર નાણાની ચૂકવણી યોગ્ય રીતે થયેલ છે કે કેમ? તે માટે જિલ્લા/શાળાના UTC મેળવી લેવાના રહેશે.

**F. માનદ વેતનમાં સમયાંતરે વધારો:**

આ યોજનાના બે વર્ષ પૂર્ણ થયેથી ઉચ્ચક માનદવેતનમાં વધારો કરવા માટે રાજય સરકાર દ્વારા વિચારણા કરવામાં આવશે.

**G. મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સના સમયગાળા સાથે જોડાણ:**

i. જ્ઞાન સહાયક યોજના 'મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ' પ્રોજેક્ટને ધ્યાને રાખી હંગામી ધોરણે અમલમાં મૂકવામાં આવેલ છે.

ii. સીધી ભરતીથી, બદલીથી કે ફાજલ ફાળવણીથી ઉમેદવાર ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા હોવાથી અને કરાર આધારિત સેવાઓ લેવાની હોઇ જ્ઞાન સહાયક તરીકે આવનાર ઉમેદવારનો કોઈ અન્ય સેવાવિષયક હકદાવો રહેશે નહી.

iii. 'મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ' પ્રોજેક્ટ પૂર્ણ થયેથી આ યોજના અંગે સરકારશ્રી દ્વારા પુનઃ વિચારણા કરવામાં આવશે.

**H. પ્રવર્તમાન પ્રવાસી શિક્ષક યોજના બાબત:**

- પ્રવર્તમાન પ્રવાસી શિક્ષક યોજના સબંધિત હાલ અમલી તમામ ઠરાવો જ્ઞાન સહાયક યોજના અમલમાં આવ્યેથી આપો આપ રદ થયેલા ગણાશે.

આ અંગેનો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રી તા.૦૪/૦૭/૨૦૨૬થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

***e-Sign/-***

(એસ.આઈ. ગોહિલ)

ઉપસચિવ

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

**પ્રતિ,**

- માન રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(શિક્ષણ, સામાજિક ન્યાય અને અધિકારિતા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(આદિજાતિ વિકાસ વિભાગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ) ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર

- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- સર્વે અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ(નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(ઠરાવ ઓન લાઇન મુકવા સારું)
- સેકશન અધિકારીશ્રી, ક શાખા, ગ-૧ શાખા, ગ-૨ શાખા, છ-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૬
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૬